

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
# ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

## જાન્યુઆરી – ૨૦૨૦પ્રવૃતિ અહેવાલ અંક :૮

### ગ્રામસેવાકેન્દ્ની પ્રવૃતિઓ:

૧. શતાબ્દી વર્ષની ઉજવણી
૨. એન.એસ.એસ શિબીરાથીઓની કેન્દ્ર મુલાકાત
૩. શતાબ્દી વર્ષની ઉજવણી
૪. શતાબ્દી વર્ષની ઉજવણી
૫.બાળ મેળો
૬.સુભાષ ચંદ્ર બોઝ જન્મજ્યંતિ
૭. શૈક્ષણિક મૂલ્યાંકન મુલાકાત
૮. વાનગી સ્પર્ધા
૯ . ૨૬મી જાન્યુઆરી
૧૦. ખેડૂત પ્રવાસ
૧૧. ગાંધી નિર્વાણ દિન
૧૨. શતાબ્દી વર્ષની ઉજવણી


ઈમેલ આઈડી:

gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:

http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:

**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :

School nivashi bhalada9


### મહાત્મા ગાંધીનો સંદેશ: પહેલાં સ્વયંને બદલો

એક મહિલા એના પુત્રની સાકર વધારે પડતી ખાવાની આદતથી પરેશાન હતી. ઘણું સમજાવ્યો તે છતાં દીકરો એ આદત છોડતો નહોતો.
મહિલાને થયું દીકરાને પોતાના પ્રેરણામૂર્તિ ગાંધીજી પાસે લઈ જાઉં, બાપુની સલાહ માનીને દીકરો આદત છોડી દેશે એવો એને વિશ્વાસ હતો.
દીકરાને એ અમદાવાદમાં ગાંધીજી પાસે એમના આશ્રમમાં લઈ ગઈ અને કહ્યું:
'બાપુ, મારો દીકરો સાકર બહુ ખાય છે. એના સ્વાસ્થ્ય માટે એ સારું નથી. કૃપા કરીને તમે એને આ આદત છોડી દેવાનું કહો.'
બાપુએ મહિલાની વાત શાંતિથી સાંભળી, પણ એમણે છોકરાને કોઈ સલાહ આપવાની ના પાડી, અને મહિલાને કહ્યું:
'તમે ઘેર પાછાં ફરો, બે અઠવાડિયાં પછી ફરી આવો.'
મહિલા થોડીક નારાજ થઈ. એણે કહ્યું: 'બાપુ અમે બહુ દૂરથી, તકલીફ વેઠીને આવ્યાં છીએ.' પરંતુ બાપુ માન્યા નહીં.
મહિલા ઘેર પાછી ફરી. બે અઠવાડિયાં પછી ફરી દીકરાને બાપુ પાસે લઈ આવી.
ત્યારે બાપુએ છોકરાને ઉદ્દેશીને કહ્યું:
'જો બેટા, તું સાકર ખાવાનું છોડી દે. તારા સ્વાસ્થ્ય માટે એ સારું નથી.'
છોકરો સાંભળીને સ્તબ્ધ થઈ ગયો, અને સાકર ખાવાની આદત છોડી દેવાનું વચન આપ્યું.
માતાને આશ્ચર્ય થયું. એણે બાપુનો આભાર માન્યો, પણ પૂછ્યું:
'તમે આ જ સલાહ પેલા દિવસે કેમ નહોતી આપી? એને માટે બે અઠવાડિયાં કેમ લીધાં?'
બાપુએ હસીને નમ્રતાપૂર્વક જવાબ આપ્યો:
'જુઓ બહેન, બે અઠવાડિયાં પહેલાં હું પોતે પણ સાકર ખાતો હતો.'

\

**મેહુલભાઈ.એસ.પટેલ.**

❖ શતાબ્દી વર્ષની ઉજવણી :પરીએજ : (૨-૧-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા તથા યુપીએલ સારસ યોજના અને વિ.પી. અને આર.ટી.પી..સાયન્સ કોલેજ વિદ્યાનગર ના સહીયોગ થી પૂજ્ય બાપુ ની ૧૫૦ મી જયંતી અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે પરીએજ ગામે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એન. એસ. એસ.શિબીર નું ઉદ્‌ઘાટન આદરણીય મનીષભાઈ પટેલ વાઈસ પ્રેસિડન્ટ ચરોતર વિદ્યામંડળ વિધાનગર ના હસ્તે કરવામાં આવ્યું. શિબીરાથીઓએ સાઈકલ પ્રવાસ દ્વારા ચાલો પૃકૃતિ ની શરણે એ સંદેશો લઈને ગ્રામજનો શિબિરાર્થીઓએ શિબીર ની શુભ શરૂઆત કરી.







❖ એન.એસ.એસ શિબીરાથીઓની કેન્દ્ર મુલાકાત : પરીએજ:(૪-૧-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા ની વિ.પી. અને આર.પી. ટી.પી..સાયન્સ કોલેજ આવિધાનગર ના એન.એસ.એસ શિબીરાથીઓએ સાઈકલ પ્રવાસ દ્વારા " ચાલો પૃકૃતિ ની શરણે" એ સંદેશો લઈને મુલાકાત લીધી. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર થયા અને સ્વાવલંબન, સર્જેનાત્મક વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાણકારી મેળવી ,વિધાર્થી સાથે બાળ રમત પ્રવૃતિઓ કરી.









❖ શતાબ્દી વર્ષની ઉજવણી :પરીએજ: (૬-૧-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા તથા વિ.પી. અને આર.ટી.પી..સાયન્સ કોલેજ વિધાનગર ના સંયુક્ત ઉપક્રમે ગાંધી બાપૂ ૧૫૦ વર્ષ ઉજવણી નિમિત્તે એન.એસ.એસ શિબીરાથીઓએ સાઈકલ પ્રવાસ દ્વારા ચાલો પૃકૃતિ ની શરણે પર્યાવરણ બચાવો જળ બચાવો સંદેશાથી રેલીનું આયોજન કરવામાં આવ્યું..અને રેડ ક્રોસ સોસાયટી આણંદ સહીયોગથી નવી બનવા જઈ રહેલ બ્લડ બેન્ક તારાપુર માટે પરીએજ ગામના ગ્રામજનો ના લોકફાળા દ્વારા દાન ઉઘરાવી આપવામાં આવ્યું.










❖ **શતાબ્દી વર્ષની ઉજવણી :ભલાડા: (૭-૧-૨૦૨૦):**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા અને દૂધ મંડળી ભલાડા ના સંયુક્ત ઉપક્રમે ચારૂસેટ હોસ્પીટલ ચાંગા ના સહીયોગથી પૂજ્ય બાપુ ની ૧૫૦ મી જન્મ જયંતી અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે નિ: સુલ્ક ૧૬૦ આંખ ની તપાસ કરવામાં આવી, ૪૯ ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા.






❖ શતાબ્દી વર્ષની ઉજવણી :(૭-૧-૨૦૨૦):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં પૂજય બાપુ ની ૧૫૦ મી જન્મ જયંતી અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે વિજ્ઞાન કાર્યશાળાનું આયોજન થયું જેમાં મહેમાન શ્રી ઉપેન્દ્રભાઈ જાનીએ વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગો દ્વારા અંધશ્રદ્ધા અને વિજ્ઞાનનો ભેદ સમજાવ્યો હતો . લાકડામાથી બનાવેલા રોબોટ બતાવી તેની સમજ આપી હતી .







❖ બાળ મેળો :(૯-૧-૨૦૨૦):

અનુદાનિતનિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં બાળ મેળો યોજવામાં આવ્યો જેમાં બાળકોએસ્વાવલંબન ,રંગપૂર્ણી, માટી કામ, અભિનય ગીત,બાળગીત, જાદુઈ પ્રવૃતિ / પ્રયોગ નિદર્શન, કેશ ગુંથણ, મહેંદી, છાપકામ, વેશભુષા, વાર્તાકથન, પર્યાવરણ પ્રદશન, ડોક્યુમેન્ટ્રી ફિલ્મ, ખેતીના ઓજારો, રમત—ગમતના સાધના, ઓષધિ વનસ્પતિના ઉપયોગો, આરોગ્ય—સ્વચ્છતા કિટ, પુસ્તક વેચાણ કેન્દ્ર—ગાંધીહાટ, વજન—ઉંચાઇ સ્ટોલ, સંગીતના સાધના,ઈલેક્ટ્રોનિક સાધનો, કાંતણ કામ, યોગાસન, સર્વ ધર્મ સમભાવ, સાહિત્ય કોર્નર, કેલેસ્તાની દાવ /ડંબેલ્સ/બેઠક દાવ, બાળ પ્રવૃતિ,અને રંગોળીના ગણિત-વિજ્ઞાન કૃતિ. સર્જનાત્મક પ્રવૃતિ, અંધ શ્રદ્ધા નિવારણ, પ્રયોગ, વેશભૂષા , જાદુઈ પ્રવૃતિ સ્વચ્છતા ,પર્યાવરણ બચાવો, વ્યસન નિર્મૂલન ,યોગાસન સ્ટોલ મુખ્ય હતા.







## ❖ સુભાષ ચંદ્ર બોઝ જન્મજ્યંતિ: (૨૩-૦૧-૨૦૨૦ ):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં વિદ્યાર્થીઓએ સુભાષ ચંદ્ર બોઝ જન્મજ્યંતિની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓને તેમના જીવન વિષેની ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી . જેમણે અંગ્રેજોએ સામે લડવા માટે આઝાદ હિન્દ ની રચના કરી તેમના જય હિન્દ નું સૂત્ર ભારતની રાષ્ટ્રીય સૂત્ર બની ગયું . તું મુજે ખૂન દો, મૈ તુમે આઝાદી દૂંગા આ નારો પણ તેમણે આપ્યો છે . તેમના વિષે બાળકોએ ચિત્ર સ્પર્ધામાં પણ ભાગ લીધો .



## ❖ શૈક્ષણિક મૂલ્યાંકન મુલાકાત : (૨૪-૦૧-૨૦૨૦ ):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં ૨૪-૦૧-૨૦૨૦ ના રોજ માતર તાલુકા શિક્ષણ સમિતિ ના કો-ઓર્ડિનેટર .સી.આર.સી. એચ.બી.ઠાકોરે શૈક્ષણિક મૂલ્યાંકન માટે મુલાકાત લીધી . જેમાં ધોરણ ૧ થી ૮ **ના તમામ** વિદ્યાર્થીઓનું વાંચન , લેખન અને ગણન કાર્યની તપાસ કરી . વિદ્યાર્થીઓને તેઓએ યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન મળી રહે તે હેતુ થી આગળ વધવાની પ્રેરણ આપી .





## ❖ **વાનગી સ્પર્ધા** : (૨૫-૦૧-૨૦૨૦ ):

૨૬મી જાન્યુઆરી નિમિત્તે વાનગી સ્પર્ધા યોજવામાં આવી જેમાં ધોરણ ૧ થી ૮ ની કુલ ૧૧ બહેનોએ ભાગ લીધો તેઓએ ફ્લાવર બટાકાનું શાક,વઘારેલી ખિચડી ,દાળ ,મમરાના લાડવા,વઘારેલી રોટલી ,મકાઈનાં રોટલા ,સીરો ,તીખી પૂરી ,સુખડી ,રોટલી ,દાળ અને ભાત બનાવ્યા હતા . દરેક વાનગી તેઓએ જાતે બનાવી હતી .







# ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૦

**વર્ષ : ૨૦૨૦**

# દીકરીની સલામ દેશને નામ




- **ધ્વજ વંદન**
- **સ્મૃતિપત્ર વિતરણ**
- **વાનગી સ્પર્ધા પ્રમાણપત્ર વિતરણ**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૦ નિમિતે " દીકરીની સલામ દેશને સલામ " કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી .



૨૬ મી જાન્યુઆરી નિમિતે ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવ્યો . રાષ્ટ્રગીતોનું ગાન કરી દીકરીના હાથે ધ્વજ ફરકાવવામાં આવ્યો . ત્યાર બાદ શાળાના સંસ્કાર કાર્યક્રમોની શરૂઆત થઈ જેમાં બહેનો માટે વાનગી સ્પર્ધા,રાખવામાં આવી હતી . ત્યાર બાદ અંતે બાળકોને પ્રોત્સાહિત ઇનામો આપવામાં આવ્યા.

કાર્યક્રમ બાદ " દીકરીની સલામ દેશને સલામ " અંતર્ગત શાળામાં દીકરીઓને એસ.એમ.સી. સભ્યો ધ્વારા સન્માન આપવામાં આવ્યું અને તેમને સન્માનપત્ર આપવામાં આવ્યું . સંસ્થામાં " બેટી બચાવો અને બેટી પઢાવો " અન્વયે બાળકોને સમજ આપવામાં આવી તથા " સ્ત્રીઓના ઉધ્ધાર માટે આજે સ્ત્રી કેળવણી મહત્વની છે સ્વામી દયાનંદે લખ્યું છે કે , એક પુરુષ શિક્ષિત અને સંસ્કૃતહોય તો નાત્ર તે એકલો જ ઉપયોગી બને છે ,સ્ત્રી – પુરુષની સંખ્યામાં પ્રવર્તતી અસમાનતા દૂર કરવી તથા છોકરીઓને શૈક્ષણિક તથા આર્થિક રીતે ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરવું તે આ યોજનાનો મુખ્ય ઉદેશ છે .





સ્મૃતિપત્ર

❀ દીકરીની સલામ દેશને નામ ❀

સુશ્રી : ..................................................................

આજે ૨૬-૦૧-૨૦૨૦ પ્રજાસત્તાક પર્વની ઉજવણી જેમાં આપની દીકરી તરીકેની દેશને સલામ છે . આપ આ ધરતી પર લક્ષ્મી સ્વરૂપે અવતાર છો , તથા દીકરી તો વ્હાલનો દરિયો છે . આ લક્ષ્મી રૂપી વ્હાલના દરિયાનું આપનું આગમન આ ધરતી પર થયું તે અમારું ભાગ્ય કહેવાય આપના ઉજ્જવળ ભવિષ્ય માટે સારું શિક્ષણ મળી રહે તે માટે તથા ઉચ્ચ સંસ્કારોનું સાચું સિંચન કરી ભણેલી દીકરી બે કુળ તારે એ આપણે અર્પણ કરતાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા તથા શાળા પરિવાર ખૂબ હર્ષ ની લાગણી અનુભવે છે . આપના જીવનમાં ખૂબ પ્રગતિ કરો અને ખુશહાલ રહો તેવી શુભેચ્છા સહ .

શાળા પરિવાર

શાળાનું નામ : ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડા

તા : ૨૬-૦૧-૨૦૨૦ જી : ખેડા

શિક્ષણનો અધિકાર

દીકરી મારી લાડકવાઈ દેવની દીધેલી છે

ત્યાર બાદ વાલી સંમેલન યોજવામાં આવ્યું જેમાં બાળકોના શિક્ષણની સાથે સાથે બાળકો ને વ્યસન થી દૂર રહે તે માટે વાલીઓને પણ જાગૃતતા માટેની સમજ આપવામાં આવી .



# કાર્યક્રમના ફોટોગ્રાફ











સ્મૃતિપત્ર

## ❖ ખેડૂત પ્રવાસ : (૨૮-૦૧-૨૦૨૦ ):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા ,દેથલી, બામણગામ પ્રયોજિત ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ શતાબ્દી વર્ષ નિમિત્તે આત્મા પ્રોજેક્ટ ના સહીયોગથી સૌયૅ ઉર્જા મંડળી ઢૂડી, દેશી ગાયઆધારિત સજીવ ખેતી નરસંડા, ડાકોર ખેડૂત પ્રવાસ નું આયોજન કરવામાં આવ્યું.





## ❖ ગાંધી નિર્વાણ દિન - શહિદ દિન : (૩૦ -૦૧-૨૦૨૦ ):

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા , પ્રાથમિક કુમાર -કન્યા શાળા પરીવાર ભલાડા પૂજ્ય ગાંધીબાપુ નિર્વાણદિન નિમિત્તે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું.







❖ શતાબ્દી વર્ષની ઉજવણી :(૩૧-૧-૨૦૨૦):

પૂજ્ય બાપુ ની ૧૫૦ **મી જયંતી અને ગૂજરાત** વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે ચારુસેટ હોસ્પિટલ ચાંગા ના સહયોગથી સિંજીવાડા ના ૩ અને ભલાડા ના ૩ કુલ ૬ મોતિયાના દર્દીઓને નિ:સુલ્ક ઓપરેશન લેન્સ સાથેના કરવામાં આવ્યા .

**સમાચાર પ્રવૃતિ આવ્રુતિ – જાન્યુઆરી**



## માતરના ભલાડામાં ગાંધીજીની 150મી જયંતીની ઉજવણી કરાઈ

**માતર ભાસ્કર** | ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા તથા યુપીએલ સારસ યોજના અને વી.પી. અને આર.ટી.પી..સાયન્સ કોલેજ આણંદના સહયોગથી પૂજ્ય બાપુની 150મી જયંતી અને ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પરીએજ ગામે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એનએસએસ શિબીરનો પ્રારંભ મનીષભાઈ પટેલ, વાઈસ પ્રેસિડન્ટ ચરોતર વિદ્યામંડળ આણંદના હસ્તે કરાયું હતું.





